R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 31 DATE: 02-08-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## બીલી ગ્રેહામના પુત્રી એન્ની ગ્રેહામ લોટ્ઝનું માનવું છે કે દુનિયાનો અંત નજીક છે

બિલી ગ્રેહામના પુત્રી એન્ની ગ્રેહામ લોટ્ઝ ઈવેન્જલીસ્ટ છે.અને તેમણે ખ્રિસ્તીઓને જણાવ્યું હતું કે દુનિયાનો અંત નજીદીક આવી રહ્યો છે અને તેને માટે આપણે સહુ પ્રાર્થના કરીએ.આ એક અરજન્ટ કોલ છે.તેમણે તેમના પત્રમાં ક્રિશ્ચિયન બ્રોડકાસ્ટીંગ નેટવર્ક ચેરમેન પેટ રોબર્ટસનને જણાવ્યું હતું કે ઈશ્વર તરફથી તેમને સંકેત મળે છે કે નજીકના ભવિષ્યમાં દુનિયાનો નાશ થશે.અને તેથી તેઓ એવું ઈચ્છે છે કે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ શરુ કરાય અને લોકો ખ્રિસ્ત તરફી નજદીક આવે.

તેમના પતિ ડો.ડેન લોટ્ઝ,શારીરીક તકલીફોને કારણે બીમાર અવસ્થામાં છે. અને તેથી તેઓની સારવાર માટે તેણીને વધુ સમય ફાળવવો પડે છે.જેથી તેમને લોકોના સંપર્કમાં વધુ રહી શકવાની ઈચ્છા હોવા છતાં તેમ કરી શકતા નથી.પરંતુ આ બધી વ્યસ્તતાની વચ્ચે શાંત રહેવાની અને ઈશ્વરનો અવાજ સાંભળવાની તક મળે છે.આવું તેણીએ "ધ ૭૦૦ ક્લબ" ને લખ્યું હતું.

જ્યારે હું ખુબજ કાર્યરત હતી ત્યારે કદાચ આ અવાજ મે સાંભળ્યો નહોતો પરંતુ આ શાંતિના સમયમાં હું તે જાણી શકી છું. લોટસ કહે છે કે ન્યાયપણાનો દીવસ નજદીક આવી રહ્યો છે.એક બાબતે હું ખાસ પ્રભાવિત થઈ છું તે



એ છે કે આપણે માનવ જાતના ઐતિહાસિક અસ્તિત્વના અંતે ઊભા રહીને તે જોઇ રહ્યા છીએ.હું એક આજ્ઞાંકારી તરીકે બ્યુગલ વગાડી રહી છું અથવા તો એમ કહી શકાય કે આ જાગવાની વેળાનું એલાર્મ છે.રાષ્ટ્રીય પ્રાર્થના માટે જાગવાનો સમય છે.ઈશ્વરના લોકો માટે આ કોલ છે.આપણે ઈશ્વરના લોકોએ ઉપવાસ સહિત પ્રાર્થના કરવાની છે.

૧.ઈશ્વર પિતા આપણું રક્ષણ કરે,અને તેમના લોકો માટે વિશ્વની શૈતાનિક તાકાતો સામે આપણને બચાવે.

૨.બાપ,તેના પુત્રને તેની મંડળીમાં ઉંચો કરે,દેશમાં ઉચો કરે અને આપણા જીવનનો સ્વામી બનાવે.

૩.બાપ,તેના પવિત્ર આત્માને આપણા પર નવેસરથી રેડી દે,મંડળીઓને પાપ રહિત કરે.આપણો દેશ વિશ્વાસપુર્વક ઈશ્વરને સમર્પિત થાય.અને જે આત્મીક જાગૃતિના સ્વરુપે આખા દેશમાં ફેલાય.

લોટ્સ કહે છે કે પ્રાર્થનાઓ જે સાત દિવસ કરાનાર છે તેને તેણીની વેબસાઈટ ઉપર પોસ્ટ કરવામાં આવશે. જે ખ્રિસ્તીઓની એકતા માટે કાર્ય કરશે.તેણીએ ઉમેર્યું હતું કે કોલ ટુ પ્રેયર કોઈને પ્રમોટ કરવા માટેનો પ્રોગ્રામ નથી.માત્ર આપણે મોડા ન પડીએ માટે ,ન્યાયકાળના દિવસ માટે પ્રાર્થના સહિત આપણે તૈયાર રહીએ.

## ફાસ્ટ ટ્રેક કોર્ટો દ્વારા સાંસદોના ફોજદારી કેસો ચલાવી શકાય નહીઃ સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે સાંસદો સામેના ક્રિમિનલ કેસો ફાસ્ટ ટ્રેક કોર્ટો દ્વારા ચલાવી શકાય નહી, તેઓ 'સ્પેશીયલ' નથી.અન્ય પેન્ડીંગ ક્રિમિનલ કેસોથી અલગ કેટેગરીમાં તેમના કેસો મુકી શકાય નહી.રાજકારણમાં ગુનાખોરી નિવારવાના પ્રયાસમાં વડાપ્રધાન શ્રી મોદીએ સાંસદોને પેન્ડીંગ ક્રિમિનલ કેસો ઝડપી ચલાવવાનું કહ્યું છે.સુપ્રીમે જણાવ્યું હતું કે મહિલા અને સીનીયર સીટીઝન એવી અનેક કેટેગરીઓ છે જ્યાં ક્રિમિનલ ટ્રાયલ્સ ઝડપી બનાવવાની જરુર છે. કોર્ટે જણાવ્યું હતું કે થોડીક કેટેગરીના કેસોના ફાસ્ટ ટ્રેકિંગથી ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ ઝડપી બનાવવામાં મદદ મળતી નથી. કેમકે ટ્રાયલ કોર્ટમાં માનવશક્તિની અછત છે અને સાથે સાથે માળખાગત સવલતો પણ અપુરતી છે.જો કે સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું છે કે રાજ્યો સાથે મસલત કરીને ચાર અઠવાડીયામાં આ અંગે તેઓ નક્કર દરખાસ્તો લાવી શકે છે.

## ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી દારુનુ સેવન કરનારાઓ લિવરના રોગોનો ભોગ બન્યા છે

વર્લ્ડ હીપેટાઈટીસ ડેના ઉપક્રમે સ્ટર્લીંગ હોસ્પીટલ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ડો.સુંધાશું પટવારીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભલે દારુબંધી હોય, પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં દારુ પીનારા લોકોમાં લીવરના રોગોનું પ્રમાણ વધ્યું છે.

ભારતમાં ૩ થી ૪ ટકા લોકો હિપેટાઈટીસ-બી વાયરસ ધરાવે છે. અને દર વર્ષે હિપેટાઈટીસના કારણે લાખો લોકો મરણ પામે છે.લીવર ખરાબ થવાના કારણો જણાવતા તેમણે કહ્યુ હતું કે મરડો,મેલેરીયા, અને ટાયફોડના કારણે લાંબા ગાળે લીવર ખરાબ થઈ શકે છે.જ્યારે વર્તમાન સમયમાં ફેટી લીવર અને આલ્કોહોલના કારણે હીપેટાઈટીસ થવાના કેસોમાં વધારો થવા પામ્યો છે.ડો.મહેતાએ જણાવ્યું હતું કે જે વ્યક્તિઓને ૨૦૦૧ પહેલાં કોઈપણ કારણસર બ્લડ ચઢાવવામાં આવ્યું હોય તેમણે બ્લડ ચેકઅપ કરાવવું જોઈએ અને હીપેટાઈટીસ વાયરસ નથી તે ચકાસી લેવું જોઈએ.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ચીનમાં ૧૨ વર્ષની સજા પામેલ પાસ્ટરને છોડવા માટે અમેરિકાની અપીલ

યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ,ચીનને વિનંતી કરી હતી કે ખ્રિસ્તી પાસ્ટરને ૧૨ વર્ષની સજા કરવામાં આવી છે તેને મુક્ત કરવામાં આવે. ઝેંગ શેઓજીને ફ્રોડ અને લોકોને એકઠા કરીને સરકાર સામે ભડકાવવાના આરોપોસર ૧૨ વર્ષની સજા કરવામાં આવી છે.તેમના વકીલ યંગ ઝીંગક્વાને જણાવ્યું હતું કે ઝેંગ સત્તાવાળાઓની નજરમાં હતો અને તેને ગુનેગાર ઠરાવીને પુરી દેવામાં આવ્યો છે.સત્તાવાળાઓની નજરમાં ખ્રિસ્તીઓની વધતી જતી વસ્તી માટે પાસ્ટર ઝેંગને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો. યંગે કહ્યું હતું કે ઝેંગનું ચર્ચે કાયદેસરનું ચર્ચ છે. જેને સરકાર તરફથી માન્યતા મળેલ છે.સરકાર તરફથી તેમને પબ્લીક મીટીંગ યોજવાનો અધિકાર પણ મળેલ છે.પરંતુ સ્થાનિક સત્તાવાળાઓ સાથે તેમને સતત દલીલબાજી થતી હતી. સત્તાવાળાઓને ઝેંગની વધતી જતી લોકપ્રિયતા ખુંચતી હતી.આ ઉપરાંત ઝેંગં સત્તાવાળાઓ સમક્ષ નવી જમીન ઉપર નવું ચર્ચ બાંધવાની પરમીશન માંગી હતી. આ તેમને ગુનેગાર ઠેરવવા માટે સત્તાવાળાઓ પાસે પુરતું કારણ હતું.

યુનાઈટેડ સ્ટેટ ડીપાર્ટમેન્ટ સ્પોક્સમેન જેન પેસકીએ જણાવ્યું હતું કે ઝેંગને સત્તાવાળાઓ કસુરવાર એટલા માટે ઠેરવ્યો કારણકે તે શાંતિપુર્વક ચર્ચના માટે દલીલ કરતો હતો.ચર્ચ માટે કામ કરવું એ ગુનો નથી. તેથી ચીને આ પાસ્ટરને સજા કરી છે તેમાંથી મુક્ત કરી દેવા




જોઈએ.તેમજ તેમના કુટુંબી જનોને સતાવવાનું પણ બંધ કરવું જોઈએ,સાથે સાથે તેમના ચર્ચના સભ્યોની સતાવણી ઉપર પણ રોક લગાવવી જોઈએ.

તેણીએ વધુમાં જણાવ્યું હતું કે ચાઈનીઝ સત્તાવાળાઓએ દેશના તમામ નાગરિકોને તેમના ધર્મને સ્વતંત્ર રીતે પાળવાની છુટ આપવી જોઈએ.કારણકે ચીનનો પોતાનો કાયદો આવી છુટ આપે છે.આ ઉપરાંત ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સના નિયમોની પણ આજ માંગ છે.યુ.એસ બેઝ ક્રિશ્ચિયન રાઈટસ ગ્રુપે જણાવ્યું કે આ સજા કોઈપણ રીતે સ્વીકારી શકાય તેમ નથી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

પર્યાવરણની જાળવણી બાબતમાં આપણે તદ્દન છેલ્લા સ્તરે છીએ.ગત વર્ષે એક ભયાનક વિનાશક ભુસ્ખલનની ઘટના બની હતી અને તેના પરિણામે અનેકોની જાનહાનિ થઈ હતી.ઉત્તરાખંડ વધુ વરસાદે કેદારનાથ તીર્થધામની આસપાસના વિસ્તારમાં નાશ થયો હતો.થોડાક દિવસો પહેલા પુણે પાસે મલિન ગામમાં પહાડી ધસી પડી અને આખુ ગામ તબાહ થયુ.પ્રજા તરીકે આપણે કુદરતની વ્યવસ્થા પ્રત્યે કેટલા લાપરવાહ છીએ.જમીનનું ધોવાણ અને પહાડોનું અસ્તિત્વ ટકાવવા માટે વૃક્ષોનું હોવું જરુરી છે.પરંતુ વિકાસના નામે આ બધાનો દાટ વાળ્યો છે.ચેતવણી આપનારાઓ થાકી ગયા છે પરંતુ આપણા વિકાસના સપનાઓ લઈને ફરનારાઓને આ ચેતવણીની કોઈ અસર થઈ નથી.

જે વિસ્તારો ધાર્મિક સ્થાનોને લીધે ત્યાની પ્રજાને રોજગારી પુરી પાડે છે ત્યાં પર્યાવરણની જાળવણી કરવી જરુરી છે.ઉત્તરાખંડની કરુણાંતિકાએ કેટલા હજાર લોકોનો ભોગ લીધો છે તેનો આંકડો હજુ સુધી બહાર આવ્યો નથી.આપણા દેશની પ્રજા ટુકા ગાળમાં બનેલી ઘટનાઓ ભુલી જાય છે.અને કુદરતી સ્ત્રોતોનું નિકંદન કાઢવા બેસી જાય છે.આવા લોભને કારણે અનેક વખત આપણે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.કોન્ટ્રાકટરો દ્વારા કરાતાં કામો કંગાળ હોવાથી હોનારતોનો ભોગ નિર્દોષ લોકોને બનવું પડે છે.સરકારી અધિકારીઓને તો આપત્તિઓ પણ ફાયદા કારક રહે છે કારણે દરેક સમયે તેમની કટકી યથાવત રહે છે.શહેરોના વિકાસમાં ગુજરાતમાં જે મોટા શહેરોમાં વિકાસની યોજનાઓ થઈ છે માત્ર કાગળ ઉપર થઈ છે. તેના નાણાં તો સરકારી અધિકારીઓ અને રાજકારણીના હાથમાં સરકી ગયા છે.જ્યારે વરસાદનું તાંડવ આવે છે ત્યારે સામાન્ય પ્રજાની હાલત બુરી હોય છે. માત્ર રાજકારણીઓ મગરના આંસુ સારવા જેટલું પણ કૌવત દેખાડતા નથી તો સાથે સાથે જેમની એટલે તગડા પગારો અને કમિશનો મેળવનારા સરકારી અધિકારીઓના પેટનુ પાણી હાલતું નથી.જે દિવસે આ પ્રજા જાગશે ત્યારે શું થશે એની એમને ખબર છે ?

## કારનો વિમો પાંચ વર્ષે રિન્યુ કરાવવાની વિચારણા

દર વર્ષે કારના વીમાને રીન્યુ કરાવવાની કટાકુટમાંથી છુટછાટ આપવા માટે વિમા સેકટરનું નિયમનકાર વીમા કંપનીઓ સાથે પાંચ વર્ષની પોલીસી આપવા બાબતે વિચારણા કરી રહ્યું છે.આવી પોલીસીઓ ગ્રાહકોને સસ્તી પડશે.વીમા ક્ષેત્રના નિયમનકાર ઈરડાના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે કેટલીક વીમા કંપનીઓ આ વિશે દરખાસ્તો રજુ કરી છે.અને તેની પર વિચારણા ચાલી રહી છે. પ્રારંભમાં ટુવ્હીલર સેગમેન્ટથી શરુઆત થશે. આગળ જતાં કોમર્શીયલ વાહનો માટે આ અમલમાં આવી શકે છે. ગ્રામ્ય વિસ્તારમાં વાહનોના વિમાને પ્રોત્સાહન આપવા માટે લાંબા ગાળાનું પોલીસી કવર ઉપયોગમાં લેવા માંગે છે.આ બધું વીમા સેકટરમાં વિદેશી રોકાણને આકર્ષવા માટે છે.જેથી વિદેશી રોકાણકારો વીમા ક્ષેત્રે આગળ આવે.


### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્દી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઈ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |


## પાકિસ્તાન પહેલીવાર ગુજરાતના માછીમારોની ફિશીંગ બોટો પરત આપશે

પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા મોટી સંખ્યામાં અવારનવાર ભારતીય માછીમારોનું અપહરણ કરીને બોટો સાથે તેમને ઉપાડી જવામાં આવે છે. અને તેમને સરહદ ભંગના નામે કે ગેરકાયદેસર પાકિસ્તાનની દરિયાઈ સરહદમાં માછીમારી કરવાના ગુના હેઠળ ધરપકડ કરવામાં આવે છે.મોટા ભાગના ગુજરાતના માછીમારો પાકિસ્તાની મરીન એજન્સીનો વારંવાર ભોગ બને છે. તેમજ ભારત સરકારના પ્રયત્નો બાદ તેમને છોડાવવામાં આવે છે. પરંતુ માછીમારોને છોડવા સાથે તેમની બોટોને છોડવામાં આવતી નથી તે પાકિસ્તાન દ્વારા જપ્ત કરી લેવામાં આવે છે.આગામી મહિનામાં પાકિસ્તાન દ્વારા અપહરણ કરાયેલ માછીમારી બોટો પાછી આપવાનો નિર્ણય કરાયો છે. જેથી ૫૭ જેટલી બોટો પરત મળશે.

ગુજરાતના માછીમારી ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાભંગના નામે બંધુકની અણીએ પાકિસ્તાની મરીન એજન્સી ઉપાડી જાય છે.ત્યારબાદ ઉપાડાયેલ બોટોને કરાંચી સહિતના તેમના બંદરોમાં એકતરફ રાખી દેવામાં આવતી હતી.

આવી ઉપાડી જવાયેલ બોટોનું નિરિક્ષણ કરતાં એવું માલુમ પડ્યું હતું કે તે પૈકીની કેટલીક બોટો બિસ્માર હાલતમાં છે.કેટલીક તુટી ફુટી ગઈ છે.આ પૈકીની ૫૭ બોટો સારી હાલતમાં છે તે સાધારણ રીપેરીંગ બાદ ચાલુ થઈ શકે તેમ છે.તેથી આ બોટો પાછી લાવવામાં આવશે.

થોડા સમય પહેલા એક ભારતીય પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન ગયું હતું. ત્યારે તેમણે પાકિસ્તાન મરિન સીક્યુરીટી એજન્સીના અધિકારીઓ અને પાકિસ્તાન સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠકનું આયોજન કર્યુ હતું.આ પ્રતિનિધિ મંડળમાં પોરબંદરના કેટલાક સભ્યો પણ હાજર રહ્યા હતા.

આ પ્રતિનિધિ મંડળને કરાંચી બંદરમાં પડેલ પોરબંદરની તેમજ અન્ય બોટોનું નિરિક્ષણ કરવા દેવાયું હતું. આ માછીમાર આગેવાનોએ બોટની અંદર ઉતરીને બોટોનું નિરિક્ષણ કર્યા બાદ ૫૭ જેટલી બોટો મરામત બાદ ઉપયોગમાં લેવાય તેમ છે તે પાછી આપવા જણાવ્યું હતું.

## બહુચર્ચિત કુડાનકુલમ ન્યુકલિયર પાવર પ્લાન્ટ પુર્ણ ક્ષમતાએ કાર્યરત

અણુશક્તિ દ્વારા ઉર્જા પેદા કરતુ કુડાનકુલમ ન્યુકલિયર પાવર પ્લાન્ટ હવે તેની પુર્ણ ક્ષમતાએ કામ કરતું થઈ ગયું છે.ભારતનું તે એક માત્ર અણુ ઉર્જા મથક બન્યું છે કે જે ૧૦૦૦ મેગાવોટ વિદ્યુત પેદા કરે છે.ભારતમાં આવેલા અન્ય અણુ ઉર્જા મથકો સામાન્યત ૫૪૦ મેગાવોટ સુધીની જ્યારે થર્મલ પાવર પ્લાન્ટ દ્વારા ૬૬૦ થી ૬૮૦ મેગાવોટ સુધીની જ ઉર્જા પેદા થાય છે. તેની સરખામણીમાં આ પાવર પ્લાન્ટ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી આ સિધ્ધિ નોધપાત્ર છે.

આ પ્લાન્ટ શરુ ના થાય તેના માટે ખુબજ મોટા પ્રમાણમાં વિરોધો થયા હતા,પરંતુ વિરોધીઓની પરવા કર્યા વગર સરકારે તેને કામ કરતો કર્યો હતો.દેશની ઉર્જા માંગને પહોચી વળવા માટે ન્યુક્લિયર પાવર પ્લાન્ટ જરુરી તો છે જ.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨


## સરકારી કામોમાં દસ્તાવેજો સેલ્ફ એટેસ્ટ કરી શકાશે

નાગરિકો માટે મોટી રાહતના સમાચાર આપતાં સરકારે નક્કી કર્યુ છે કે સરકારી કામો માટે ગેઝેટેડ ઓફીસર કે નોટરી પાસેથી એફિડેવીટ મેળવવાના સ્થાને સ્વ પ્રમાણિત )સેલ્ફ એટેસટેડ) દસ્તાવેજો જ ઉપયોગમાં લઈ શકાશે.રાજયોને આ માટે કેન્દ્ર સરકારે વિવિધ અરજી પત્રકો સાથે સંભવિત રીતે જોડવામાં આવતી એફીડેવીટની હાલની જરુરીયાત અંગે પણ રીવ્યુ કરવાની સલાહ આપી છે અને સ્વ પ્રમાણિત દસ્તાવેજોની પ્રથા શરુ કરવાની સુચના આપી છે.એમ એડમિનિસ્ટ્રેટીવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સીસ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે એફિડેવીટ મેળવવી એક ઝંઝટવાળું કામ છે. લોકોએ એફિડેવીટ માટે ૧૦૦ થી ૫૦૦ રુપીયાનો ખર્ચ કરવો પડે છે.મોટાભાગના ગેઝેટેડ ઓફીસર્સ પણ પુરતા દસ્તાવેજો ન હોય તો એફિડેવીટ માટે પોતાની અનુમતિ આપતા નથી. ખાસ કરીને ગામડાઓમાં અને દુરના વિસ્તારોમાં સ્થિતિ ખુબ ખરાબ છે.જો રાજ્ય સરકારો સ્વ પ્રમાણિત દસ્તાવેજોના ઉપયોગને પ્રોત્સાહન આપે તો એ લોકો માટે આર્શીવાદરુપ સાબિત થશે.જો કે કેટલાક મંત્રાલયો અને રાજ્ય સરકારો ત માર્કશીટ ,જન્મ પ્રમાણપત્ર વગેરે માટે સ્વ પ્રમાણિત દસ્તાવેજોનો ઉપયોગ શરુ કર્યો છે. જેમાં ગેઝેટેડ ઓફીસરે એટેસ્ટેડ કોપી દસ્તાવેજોની આપવાની રહેતી નથી.

સરકારનો આ નિર્ણય સામાન્ય પ્રજાને પીડામાંથી મુક્તિ અપાવશે. કારણકે દસ્તાવેજોને એટેસ્ટેડ કરાવવા માટે ધક્કા ખાવા પડતા હતા.સરકારી ઓફીસોમાં જે સરકારી અધિકારીઓ એટેસ્ટેડ કરવા માટેની સત્તા ધરાવે છે તેમને કોઈપણ દસ્તાવેજો એટેસ્ટેડ કરવામાં રસ નહોતો.જ્યારે નોટરી પાસે કોઈપણ દસ્તાવેજ એટેસ્ટેડ કરાવવાના નાણાં ચુકવવા પડતાં હતા.તેથી તે સામાન્ય નાગરિકને મોંઘું પડતું હતું.આવા નિર્ણયો બહુ જલદીથી લેવાવા જોઈએ અને તેનો અમલ પણ જલદીથી થાય તે જોવું રહ્યું. કેટલાક સરકારી ખાતાઓ સેલ્ફ એટેસ્ટેડ કોપીઓ ચલાવશે તે હવે જોવાનું રહેશે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# છત્તીસગઢના બસ્તર વિભાગમાં ખ્રિસ્તી મિશનરીઓનો પ્રવેશ નિષેધ

છત્તીસગઢમાં આવેલ બસ્તર પ્રદેશમાં વિશ્વ હિંદુ પરિષદ દ્વારા ૫૦ જેટલા ગામોમાં ખ્રિસ્તી પાદરીઓના પ્રવેશ પર બંધી ફરમાવવામાં આવી છે.છેલ્લા છ માસથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ આ વિસ્તારમાં આક્રમક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.આ ઉપરાંત આ વિસ્તારમાં રહેતા ખ્રિસ્તીઓને રેશનીંગ આપવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

સુરેશ યાદવ,બસ્તર ડીસ્ટ્રીક પ્રેસિડેન્ટ, વીએચપીના જણાવ્યા પ્રમાણે બસ્તરમાં આવેલી ૫૦ ગ્રામ પંચાયતો દ્વારા સેકશન ૧૨૯(જી),છત્તીસગઢ પંચાયત રાજ એક્ટ મુજબ ઓર્ડર પસાર કરવામાં આવ્યા છે કે આ વિસ્તારમાં હિંદુ સિવાયના કોઈપણ વ્યક્તિ માટે જાહેરમાં પ્રાર્થના,કે પ્રચાર ઉપર આ ગામોમાં પાબંધી ફરમાવાઈ છે.સીરીસગુડા ગ્રામ પંચાયત(વિલેજ કાઉન્સીલ) જે ટોકાપાલ બ્લોક,બસ્તરમાં આવેલ છે તેમણે સ્પેશીયલ ગ્રામ સભા બોલાવીને ઓર્ડર ૧૦ મેના રોજ પાસ કર્યો હતો.આ જે ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો તે મીડીયાને આપવામાં આવ્યો હતો.તેમાં જણાવાયું હતું કે " બહારથી આવેલ કેટલાક લોકો કે જે ધર્મપ્રચાર કરી ને,ધર્માંતરણ કરે છે તે જબરજસ્તીથી થતું ધર્માંતરણ રોકવા,તેમજ હિંદુ સંતો દેવી દેવતાઓ વિરુધ્ધની વાતો,હિંદુ ધર્મના ક્રિયાકાંડો,કે આસ્થાઓ વિશે બેબુનિયાદ વાતો લોકોના મનમાં ઠસાવવી વિગેરે કરનારા લોકો સામે જાહેરમાં સભાઓ,પ્રવચનો, પ્રાર્થનાઓ કરનારા તમામ હિંદુ સિવાયના લોકો માટે આ ઓર્ડર પસાર કરીને તેમની ઉપર બંધી ફરમાવવામાં આવે છે. "

કેટલાક સુત્રો જણાવે છે કે આ વિવાદ શરુ થવા પાછળનું કારણ એ છે કે સીરીસગુડા ખાતે હિંદુ ધાર્મિક તહેવાર માટે ઉઘરાવાઇ રહેલ ચંદો આપવા માટે ખ્રિસ્તીઓએ આનાકાની કરેલ તે છે.તેમણે આ પ્રકારનું દાન ઉઘરાવવા માટે વિરોધ જાહેર કરેલ તેમજ ખરાબ ભાષામાં આ બાબતે જવાબો આપેલ હતા.હિંદુ દેવી દેવતાઓનુ પણ તેમણે અપમાન કરેલ.તેથી ગ્રામ સભાએ તેમની ઉપર પાબંધી ફરમાવવી પડેલ ત.તેવું સીરીસગુડા સરપંચ જમુના બેગલનું કહેવું હતું.

જો કે ખ્રિસ્તીઓનું કહેવું છે કે વિશ્વ હિંદુ પરિષદ છેલ્લા કેટલાક સમયથી ખ્રિસ્તી થયેલાઓનું પાછું હિંદુ ધર્મમાં પરિવર્તન કરવા કોશીશ કરે છે.તેથી તેમણે ખ્રિસ્તી પાદરીઓ,મીશનરીઓ વિગેરેને આ વિસ્તારમાં આવતા રોકવા માટે આવી આડખીલીઓ ઉભી કરીને બહુમતી તરીકે પોતાની જોહુકમી કરેલ છે.આ ઉપરાંત તેઓએ ખ્રિસ્તી કુટુંબોને મળતા રેશન પર પર પાબંધી ફરમાવી દીધેલ છે.છેલ્લા બે મહિનાથી કેટલાક ખ્રિસ્તી કુટુંબોને રેશન આપવા દેવામાં આવતું નથી અને તેઓ રેશન લેવા જાય તો તેમની ઉપર હુમલો કરવામાં આવે છે.રેશન આપવાનો હુકમ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવે છે.

સોનારુ માનડવીના જણાવ્યા પ્રમાણે તેનું કુટુંબ ૨૦૦૨માં ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી બન્યું હતું.છેલ્લા બે મહીનાથી મને મારા ગામમાંથી ખ્રિસ્તી હોવાને કારણે રેશન મળતું નથી.૧૦ ખ્રિસ્તીઓ રેશન લેવા દુકાને ગયા હતા ત્યારે તેમની ઉપર હુમલો કરવામાં આવ્યો હતો.છત્તીસગઢ ક્રિશ્ચિયન ફોરમ આ પ્રકારની ગતિવિધિ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને વિરોધ કર્યો હતો.તેમણે કહ્યું હતું કે આ એકદમ ગેરકાયદેસરની પ્રવૃત્તિ છે અને સાથે સાથે ગેરબંધારણીય કૃત્ય છે.જે પ્રમાણે ખાપ પંચાયતો ગેરબંધારણીય કૃત્યો કરે છે તે પ્રકારનું આ કામ ગણી શકાય.તેમ કેમ અમને અમારી ધાર્મિક ગતિવિધિઓ કરતાં રોકી શકો અને તે માટે તમારી ગ્રામ પંચાયતો ઠરાવ પસાર કરે અને કાયદો જાહેર કરે.એકદમ ગેરબંધારણીય કૃત્ય ?તેવું સીસીએફ પ્રેસિડેન્ટ અરુણ પન્નાલાલે કહ્યુ હતું.તેમણે કહ્યું હતું કે બંધારણે દેશના તમામ નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યતાનો હક્ક આપ્યો છે.જીલ્લા કલેકટર અનકીત આનંદે ખાત્રી આપતાં મીડીયાને જણાવ્યું હતું કે તેઓ આ ગામડાઓમાં રેશનનું વિતરણ યોગ્ય રીતે થશે.તેમણે ઉમેર્યું હતું કે બસ્તરમાં ધર્મપરિવર્તનનો મુદ્દો એ કોઇ મોટો મુદ્દો નથી.અમે જોઇશું કે કોઇપણ વ્યક્તિને રેશન આપવામાં અડચણ ઉભી થાય તો તેને નાબુદ કરી તેમને રેશન મળે તે જોઇશું.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ગ્રાહકો સાથે છેતરપીંડી કરનારા બિલ્ડરો સામે ફોજદારી ગુનો નોંધાશે

ભોયરુ,ગાર્ડન કે પાર્કિંગ વેચી દેતા કેટલાક બિલ્ડરો વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધવા પોલીસ ખાતુ સજ્જ બની રહ્યું છે.૧૯૭૩થી અમલમાં આવેલા કાયદા વર્ષ ૨૦૧૧માં હાઇકોર્ટ દ્વારા હુકમ થતાં કાયદો અને વ્યવસ્થાના તાત્કાલિક અધિક પોલીસ મહાનિર્દેશક સુધીર સિન્હાએ એક પરિપત્ર બહાર પાડીને રાજયના તમામ પોલીસ કમિશ્નર,રેન્જ આઇ.જી. અને પોલીસવડાઓને જાણ કરી આવા બિલ્ડરો વિરુધ્ધ ફોજદારી પગલાં લેવા સુચના આપી હતી. જો કે આ પરિપત્ર ફરી એકવાર ચર્ચામાં આવતાં ગુજરાતભરના આવા બિલ્ડરો વિરુધ્ધ કાયદાનો ગાળીયો કસાય તેવી શક્યતા પ્રબળ બની છે.નોંધનીય છે કે રેસિડેન્ટ કે કોમર્શિયલ બિલ્ડીંગના પ્લાન પાસ કરાવાતી વખતે જે જે જગ્યાને ખરીદનારની સુવિધા માટે દર્શાવી હોય છે તે જગ્યા પ્લાન પાસ થયા બાદ કેટલાક બિલ્ડરો વેચી નાંખતા હોય છે.જેનાથી લોકોને અગવડતા અને ઘણીવાર જીવનું જોખમ પણ ઉભુ થતું હોય છે.

રિયલ એસ્ટેટમાં પાછલા વર્ષોમાં આવેલી તેજીમાં અનેક નવા બિલ્ડરોનો જન્મ થયો હતો.જેના કારણે માત્ર અમદાવાદ જ નહી રાજયના અનેક નાના મોટા શહેરો ચારે તરફ વિકસવા લાગ્યા અને નવી ઇમારતો બિલાડીના ટોપની માફક ઉભી થઇ હતી.ગ્રાહકોને ખંખેરી લેવાના પગલે કેટલાક બિલ્ડરોએ પ્લાન પાસ કરાવતી વેળા જે જગ્યા પ્રોપર્ટી ખરીદનારની સુવિધા માટે દર્શાવી હોય તેવી કોમન સ્પેસ એટલે કે બેઝમેન્ટ, ટેરેસ,ગાર્ડન કે પાર્કિંગની જગ્યામાં દબાણ કરીને કે વેચી દીધી છે.આવી માત્ર અમદાવાદ જ નહી પ્રાઇમ લોકેશનો પણ ગણી શકાય તેવી ગુજરાત ભરમાં હજારો બિલ્ડીંગો છે. જેમાં બિલ્ડર દ્વારા ગેરકાયદેસર દબાણ કરી દેવાયું હોય કે કોમન સ્પેશ વેચી દેવાઇ હોય. આવા બિલ્ડરો વિરુધ્ધ છેતરપીંડી અને બોગસ દસ્તાવેજના ફોજદારી ગુના દાખલ કરવાનો હુકમ છેક ૨૦૧૧ થી કરવામાં આવ્યો છે.

હકીકતમાં ગુજરાત ઓનરશીપ ફ્લેટસ એક્ટ ૧૯૭૩ અમલમાં જ છે આમ છતાં તેનું પાલન યોગ્ય રીતે નહી થતાં ગુજરાત હાઇકોર્ટમાં થયેલ એક પી.આઇ.એલ. બાદ કોર્ટે હુકમ કરતાં કાયદો અને વ્યવસ્થાના તત્કાલીન અધિક પોલીસ મહાનિર્દેશક સુધીર સિન્હાએ પરિપત્ર બહાર પાડ્યો હતો અને ગુજરાતભરની પોલીસને આવા લેભાગુ બિલ્ડરો વિરુધ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરવાનો હુકમ કર્યો હતો.

# ગુજરાત હાઇકોર્ટે દહેજની વિસ્તૃત વ્યાખ્યા કરી

ગુજરાત હાઇકોર્ટે એક ઐતિહાસિક ચુકાદામાં દહેજની વિસ્તૃત વ્યાખ્યા કરતાં જણાવ્યું હતું કે લગ્ન પહેલાં,લગ્ન સમયે, કે લગ્ન બાદ સાત વર્ષ સુધી સાસરીયાઓ દ્વારા પરિણીતાના પિયરીયાઓ પાસેથી કોઇપણ વસ્તુ કે રુપીયાની માંગણી તે દહેજ જ ગણાય.રુપીયાની માંગણી ધંધો શરુ કરવા માટે પણ હોય તો તે પણ દહેજ ગણાય.દહેજના કારણે કંટાળીને આત્મહત્યા કરી હોય તો તેને સદોષ માનવવધનો ગુનો ગણાય.

એક પરિણિતાના આત્મહત્યાના કેસ અંગે ચુકાદો આપતાં પરિણિતાએ પોતાની બિમારીના કારણે આત્મહત્યા કરી હતી તેવી સાસરીયાઓની દલીલ હાઇકોર્ટે ફગાવી દીધી હતી.અને દહેજ માટેના ત્રાસ અને આત્મહત્યા માટેની ઉશ્કેરણીમાં પતિ અને સાસુને દોષિત ઠેરવ્યા હતા.

ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે.બી. પારડીવાળાએ આ કેસનો ચુકાદો આપ્યો હતો.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૬૯૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૨૩૯


# ઇ-ગવર્નન્સ બાદ એમ- ગવર્નન્સ : સરકારી સેવાઓ મોબાઇલ પર ઉપલબ્ધ

ઇ-ગવર્નન્સની સફળતા બાદ સરકારે એમ-ગવર્નન્સની જાહેરાત કરી છે. મહાત્મા મંદિર ખાતે એમ-ગવર્નન્સને દેશમાં વધુ સમર્થ બનાવવાની દિશામાં શુ કરી શકે તે વિષય પર એક સેમિનારનું આયોજન થયું હતું.જેમાં એમ-ગવર્નન્સનું પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,ગુજરાતના અધિક મુખ્ય સચિવ ડો.વરેશ સિંહા, ભારત સરકારના ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના સચિવ આર.એસ.શર્મા, શહેરી વિકાસ સચિવ અંજુ શર્મા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા સુરક્ષા હેતુ હેલ્પ લાઇન,વનવિભાગ,ગુજરાત પ્રવાસન વિભાગ, વાયબ્રન્ટ ગુજરાત મોબાઇલ એપ્સ વિશે પણ તેમને માહીતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નામ બદલવા માટે સામાન્ય નાગરિકને આખો દિવસ સરકારી કચેરીએ ધક્કા ખાવા પડતા હોય છે. પરંતુ બાર આંકડાનો ડીજીટલ નંબર અને થમ્બ થકી તેમનું નામ બદલવાની પ્રક્રિયા અમલી બનાવાઇ છે.સાંજે ઇ- ગેજેટને આધારે નામ બદલાયાની જાણ પણ મોબાઇલ પર થઇ જાય છે.આ સુવિધાની મદદથી નાગરિકોને રેવન્યુ કેસ અંગેની વિગત, જિલ્લા આયોજન, એટીવીટી કામ,લોન્ગ ટર્મ વિઝા,આર્મ લાઇન્સસ,ગરીબ કલ્યાણ મેળો, રેશનકાર્ડ, જમીન દફતર,ઇ-ધારા, લોક સંવાય, મતદાર યાદીના નામ સહિતની માહીતી સરળતાથી ઉપલબ્ધ થશે.

# તમામ રેશનકાર્ડ ધારકોને જથ્થો મળશે

નાગરિક પુરવઠાના નિયામકના જણાવ્યાનુસાર ઓગષ્ટ-૨૦૧૪માં રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકોને અનાજ અને કેરોસીનનો જથ્થો મળશે.બારકોડેટ રેશનકાર્ડ ધરાવતાં અને જેમને બારકોડેડ રેશનકાર્ડ મળ્યા નથી તેમને પણ નિયત કરેલો જથ્થાનું વિતરણ કરવામાં આવશે.પરંતુ જુના રેશનકાર્ડ ધારકો માટે જથ્થો મેળવવાની આ છેલ્લી તક છે.જેમણે બારકોડેડ કાર્ડ મેળવવાના બાકી છે તેવા જુના રેશનકાર્ડ ધારકોએ મામલતદાર કચેરી તથા ઝોનલ કચેરીમાંથી પોતાના બારકોડેડ રેશનકાર્ડ મેળવી લેવા પડશે

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો.૯૩૭૫૨૦૯૯૨૪

## પાલીતાણામાં સંતોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો

પાલીતાણાને હિંસામુક્ત કરવાની સરકાર દ્વારા ભુતકાળમાં જૈન સાધુઓ અને શ્રાવકો દ્વારા કરવામાં આવેલ ઉપવાસ આંદોલનને આપેલ ખાત્રી છતાં જીવહિંસા થતી હોવાનો પુરાવો મળતાં ૨૦૦ જેટલા સાધુ સાધ્વીજીઓએ જીવદયા પ્રેમીઓ સાથે પોલીસ સ્ટેશન ધસી જઇને પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો.આમ તેઓએ થતી જીવહિંસા પ્રત્યે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.જીવદયાના કાર્યકરોને પાલીતાણા-તળાજા રોડ પર થી એક પીકઅપ વાનમાં બે ભેંસ મળી આવી હતી. જે કસાઇ વાડે જઇ રહી હતી.આથી જીવદયાના કાર્યકરો દ્વારા વાહનચાલક અને વાહન સાથે તંત્રની આંખ ખોલવા માટે બે જીવ સાથે રેલી કાઢવામાં આવી હતી.અને પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો.પોલીસે પાલીતાણાને હિંસા મુક્ત કરવા કાયદેસરના પગલાં લેશે તેવી ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો.

## પોલીસ હેડ ક્વાર્ટર ખાતે મહિલાઓને તાલીમ અપાશે

મહિલા સશક્તિકરણના ભાગરુપે પોલીસદળોમાં વધુમાં વધુ મહિલાઓ જોડાય તેના માટે મહિલાઓને તામીલ આપવાના હેતુસર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે મહિલાઓને તાલીમ અપાશે.અમદાવાદ શહેરની ૫૦૦૦ થી વધુ યુવતીઓને આ તાલીમ આપવામાં આવશે. આ તાલીમ લેવા ઇચ્છતી ૧૮ થી ૨૫ વર્ષની અને ૧૨ પાસ યુવતીઓએ સ્થાનિક પોલીસ મથકમાં જ ફોર્મ ભરવાના રહેશે.

## રેલ્વેના તત્કાલ ટિકિટના ભાડા વધારા સામે મુસાફરોમાં રોષની લાગણી

વેસ્ટર્ન રેલ્વે દ્વારા ટુંકા અંતરની મુસાફરીના તત્કાલ ભાડામાં વધારો કરી દેવામાં આવ્યો છે.જેના કારણે મુસાફરી કરનારા લોકોમાં આ સરકાર સામે રોષ ફાટી નિકળ્યો છે. ચુંટણીમાં અચ્છે દિન અને સસ્તુ થવાની ખાત્રી આપતાં લોકો સરકારમાં બેસીને સામાન્ય જનતાની પનોતી બની ગયા છે.ટુંકા અંતરની મુસાફરીનો તત્કાલ ચાર્જ ટીકીટની બેઝિક કિમત કરતાં પણ વધી ગયો છે.ટીકીટ કરતાં તત્કાળ રીર્ઝવેશનનો ચાર્જ વધુ કેટલાકમાં જોવા મળ્યો છે.રેલ્વે પેસેન્જર એસો. દ્વારા આ બાબતે આવેદન પત્રો આપવામાં આવ્યા છે. અને તત્કાલ ભાડાનો વધારો પાછો ખેચવાની માંગ કરવામાં આવી છે.

## દેશમાં સહુ પ્રથમ એવું વન સ્ટોપ ક્રાઇસીસ સેન્ટર મધ્યપ્રદેશમાં શરુ

દેશમાં સહુ પ્રથમ વાર એવું વન સ્ટોપ ક્રાઇસીસ સેન્ટર,મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં શરુ કરવામાં આવ્યું હતું ગૌરવી નામથી શરુ કરાયેલ આ કેન્દ્રને અભિનેતા આમીરખાને ખુલ્લુ મુક્યું હતું. મહિલાઓ વિરુધ્ધ હિંસા અને અત્યાચાર અટકાવવા માટે તેમજ ત્વરિત સહાયરુપ થવા માટે આ કેન્દ્ર મદદ કરશે.આ કેન્દ્ર દુષ્કર્મનો ભોગ બનનાર, દહેજને કારણે સાસરીયાનો ત્રાસ સહન કરનાર, ઘરેલું હિંસા તેમજ મહિલાઓ પરના અન્ય જાતિગત હુમલાઓ સામે ત્વરીત ધોરણે સહાય અને મદદ પુરી પાડવામાં આવશે.આ સંસ્થા દ્વારા કાનુની સલાહ, તબીબી સહાય અને પોલીસની મદદ પુરી પાડવામાં આવશે.


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીઆદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## જીસસનું પુતળુ તોડનાર કેથલીકને જામીન પર મુક્ત કરાયો

પોલીસના જણાવ્યા પ્રમાણે પરેરા,કીરણનગરનો રહેવાસી છે અને તેણે ક્રોસ વાળા પુતળાની મુલાકાત રવિવારે રાત્રે ભરચક પિધેલી હાલતમાં લીધી હતી.મુંબઇ કોર્ટે એન્જલો પરેરાને જામીન પર મુક્ત કર્યો હતો.તેને વિલે પાર્લેમાં આવેલ જીસસનું પુતળું ખંડિત કરવાના ગુનામાં પોલીસે પકડ્યો હતો.

કેથોલીક કોમ્યુનીટીએ તેને બાંદરા મેટ્રોપોલીટન મેજીસ્ટેટની કોર્ટમાં છોડાવ્યો હતો તેવું ટાઇમ્સ ઓફ ઇન્ડીયાએ જણાવ્યુ હતું.

ખ્રિસ્તીઓના સંગઠનોએ તેને જામીન પર મુક્ત કરાવ્યો હતો.જુડીથ મોન્ટેરીયો, સેક્ટરી ઓફ ધ એસોસીએશને જણાવ્યું હતું કે તેઓએ જામીન પર છોડાવવા માટે મદદ કરી હતી.કારણકે તેઓ એ બાબતે જાણકારી મળી હતી કે આ ગુનામાં તે સંડોવાયેલ નથી.અને તે જવાબદાર નથી.

પોલીસના જણાવ્યાનુસાર પરેરા, જે કિરણનગરનો રહેવાસી છે તેણે રવિવાર રાત્રે ભરચક દારુ પીધેલી હાલતમાં આ સ્ટેચ્યુની મુલાકાત લીધી હતી.તેને લોકોએ માર પણ માર્યો હતો. નજરે જોનારાઓ એવું કહ્યુ હતું કે તેણે ક્રોસવાળા સ્ટેચ્યુને નુકશાન પહોચાડ્યું હતું.

શાંતાક્રુઝ પોલીસે તેને નજરે જોનારા સાક્ષીઓના આધારે પકડ્યો હતો.આ કેસમાં પોલીસ ફરિયાદી છે.એક વર્ષમાં આ બીજી વખત બનેલી ઘટના છે.

આ પહેલા જે સ્ટેચ્યુને નુકશાન પહોચાડવામાં આવ્યુ હતું કે હજુ સુધી ફોરેન્સીક સાયંસ લેબોરેટરી માં પડેલ છે.

## બાંગ્લા દેશમાં ખ્રિસ્તી સાધ્વીઓ પર હુમલો

નોર્થન બાંગ્લાદેશમાં બોલ્દી પુકુર મિશન આવેલ છે જે દિનાજપુરથી ૫૦ માઇલના અંતરે આવેલ છે.ત્યાં હોસ્પીટલ અને કોન્વેન્ટ ચાલે છે.ગત સપ્તાહમાં ત્યાં ખ્રિસ્તી સાધ્વીઓ પર પચાસથી સાઇઠ જેટલા સશસ્ત્ર લોકોએ આવીને હુમલો કર્યો હતો.હુમલો ભારે હતો જે દોઢેક કલાક સુધી ચાલ્યો હતો.આ સશસ્ત્ર ટોળું પ્રાર્થના કરતી ખ્રિસ્તી સાધ્વીઓ પર તુટી પડ્યું હતું અને તેમને પુષ્કળ માર મારવામાં આવ્યો હતો.તેમજ કોન્વેન્ટને ભારે નુકશાન પહોચાડવામાં આવ્યું હતું. બિશપ સેબેસ્ટીયન તુડુ,દીનાજપુરે જણાવ્યું હતું કે ઇન્ટરનેશનલ કેથોલીક ચેરીટી એઇડ ટુ ધ ચર્ચ ઇન નીડ,બોલ્દી પુકુર મિશનની ઉપર ૭ જુલાઇએ હુમલો કરવામાં આવ્યો, અને પોલીસ આવી ત્યારે હુમલો કરનારા ભાગી ગયા હતા.ઇજાગ્રસ્તોને ઢાકા ખાતે મેડીકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે.ખ્રિસ્તીઓ પર મોટા ભાગના મુસ્લીમ દેશોમાં હુમલા થાય છે.પરંતુ ખ્રિસ્તી સાધ્વીઓ પર આ પ્રકારનો સહુ પ્રથમ બનાવ છે.બાંગલાદેશમાં ખ્રિસ્તી સાધ્વીઓને ખુબ આદરથી જોવાય છે તેથી અહીયા બનેલી ઘટના કલ્પના બહારની છે. સાધ્વીઓ અને પાદરીઓ પર હુમલા થાય છે કારણકે તેઓ લઘુમતીઓની મદદ કરે છે.તેવું બિશપ ટુડુએ જણાવ્યું હતું.

## દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોના અનામત અધિકાર માટે નવી સરકાર સમક્ષ ધા

નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઇન ઇન્ડીયાના સેમ્યુલ જયકુમારે જણાવ્યું હતું કે અમારી માંગણીઓ તો એ જ છે અને અમો છેલ્લા છ દાયકાથી આ બાબતે લડત ચલાવીએ છે. તાજેતરમાં નવી રચાયેલ સરકાર સમક્ષ તેમણે દલિત ખ્રિસ્તી અને મુસ્લીમો માટે અનામત ક્વોટા ફાળવણી માટે માંગણી કરી હતી.જેમાં શૈક્ષણીક ક્ષેત્રે,સીવીલ સર્વીસ જોબમાં,તેમને અનામત મળે માટે માંગણી કરી હતી.ભારતીય જનતા પાર્ટીએ સરકારની રચના કરી ત્યારબાદ તુરતજ ખ્રિસ્તી નેતાઓએ નેશનલ કન્સલટેશનનુ આયોજન કર્યુ હતું. જેમાં દલિત ખ્રિસ્તીઓના અધિકાર બાબતે ચર્ચા કરવામાં આવી હતી.ભારતના બંધારણમાં જે રીતે અન્યોને અનામત આપવામાં આવી છે તેજ રીતે દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને આપવામાં આવે.પરંતુ આ બે કોમોના દલિતોને આ લાભ આપવામાં આવ્યો નથી.તેથી આ બાબતે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને એક પત્ર લખવામાં આવે જેથી આ ઇસ્યુ બાબતે યોગ્ય કાર્યવાહી થાય.૫૦ સભ્યો જુદા જુદા ચર્ચો,સંસ્થાઓ વગેરેમાંથી આ મીટીંગમાં હાજર રહ્યા હતા.જયકરે જણાવ્યું હતું કે અમારી માંગણી છે કે ૧૯૫૦માં ઇન્ડીયન પ્રેસિડેન્ટ દ્વારા સ્પેશીયલ ઓર્ડર ક્વોટા બાબતે પસાર કરવામા આવ્યો હતો તેનો લાભ દલિત ખ્રિસ્તીઓને મળે.આ ઓર્ડર મુજબ શીખ અને બુધ્ધિષ્ટોને લાભ આપવામાં આવ્યો છે.કેથોલીક ચર્ચ મુજબ દેશના કેથોલીક ખ્રિસ્તીઓ પૈકી ૬૦ ટકા દલિત ખ્રિસ્તીઓ છે જે ૨૫ મીલીયન જેટલા થાય છે.ધર્મનો ફેરફાર કરવાથી જાતિ બદલાતી નથી.તેથી સરકારે લાભ આપવો જોઇએ


### જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


## ભારતના ૨૬માં સેના અધ્યક્ષ તરીકે જનરલ સુહાગ

જનરલ દલબીરસિંહ સુહાગે દેશના સેના અધ્યક્ષ તરીકે,નિવૃત થતા સેનાપ્રમુખ વિક્રમસિંહ પાસેથી પદભાર સંભાળ્યો હતો.જનરલ વિક્રમસિંહનો કાર્યકાળ પુરો થતાં તેમને રક્ષા મંત્રાલયના પ્રાંગણમાં વિધિવત રીતે વિદાય આપવામાં આવી હતી.તેમણે નિવૃત્તિ સમયે જનરલ વિક્રમસિંહે જણાવ્યું હતું કે પાકિસ્તાનની એલઓસી પર આપણા જવાનનું માથુ કાપનારાઓને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. જો કે તેમણે આથી વિશેષ કાંઇ કહ્યું નહોતું.


### ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.